# 38

**મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી પાસેથી થતી લેવાની રકમ**

*** 15/3/472 શ્રી અમૃતજી ઠાકોર(કાંકરેજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ દ્રારા મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી(અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડને રૂ.૬૬૮.૮૪ લાખ રકમની ખોટી રીતે ચૂકવણી થયેલ રકમ CAGના આખરી રીપોર્ટના આધારે વર્ષઃ ૨૦૧૪થી પરત લેવાની થાય છે, તે અન્વયે શિક્ષણ વિભાગ હસ્તકની અન્ય કચેરીઓમાં બાન મુકવાની બાબત શિક્ષણ વિભાગ કક્ષાએ હાલ વિચારણ હેઠળ હતી તે અન્વયે તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ ક્યારે બાન મુકવામાં આવેલ, | (૧) | મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી(અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ અને તેના ડિરેક્ટરશ્રીઓ સામે શિક્ષણ વિભાગ હસ્તકની આ કચેરી સિવાયની તમામ ખાતાના વડાની કચેરીઓ તથા સરકારશ્રીના તમામ વિભાગોમાં પ્રીન્ટીંગની કામગીરી મેળવવા સામે પ્રતિબંધ અંગેની બાબત વિચારણા હેઠળ છે. |
| (૨) | ઉક્ત વિચારણા પૂર્ણ ન થયેલ હોય તો તેના કારણો શા છે, અને | (૨) | પ્રસ્તુત બાબત વિચારણા હેઠળ છે. |
| (૩) | ઉક્ત વિચારણાં ક્યાં સુધીમાં પૂર્ણ કરીને બાન મુકવામાં આવશે? | (૩) | પ્રસ્તુત બાબત વિચારણા હેઠળ છે. |

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -